# J. CHANDRAKANT & COMPANY

Arthik Bhavan(Ground Floor), Gondal Road, Near Bombay Petrol Pump, Rajkot – 360 002, Gujarat (INDIA), Phone: (O) (0281) 2239730, TeleFax: (O) (0281) 2223872, E-mail: jesico2010@gmail.com, Web: www.jesico.com

Fieldmarshal® AGRO PRODUCTS JESICO

## –:: હોરીઝોનટલ વોટરકુલ્ડ ડીઝલ એન્જીન FM170R/FM170RM/FM175R માટે ગ્રાહકને પ્રાથમીક સુચના ::–

- એન્જીનને કોંક્રીટ અથવા લાકડાના ફાઉન્ડેશન કે ટ્રોલી (બેઝ ફ્રેમ)પર વાઈબ્રેશન ન આવે તે રીતે ફીટ કરી ચલાવવું.
- એન્જીન/પંપસેટ ચાલુ કરતા પહેલા એન્જીનની ઓઈલ ચેમ્બરમાં તથા પંપની ઓઈલ ચેમ્બરમાં પંપસેટ ઓઈલ ભરવું.
- એન્જીનમાં ઓઈલ ગેજના ઉપરની નીશાની સુધી ઓઈલ ભરવું (અંદાજે ૧૨૫૦ થી ૧૫૦૦ મીલી) જયારે પંપમાં અડધી ચેમ્બર ખાલી રહે તેટલુ ઓઈલ ભરવું (અંદાજે ૨૦૦ થી ૨૫૦ મીલી)
- એન્જીનનું હેડકવર ખોલી ત્યાં વાલ્વ રોકર તથા વાલ્વ ગાઈડને પણ ઓઈલ લગાવવું.
- એન્જીનની ફયુલટેંકમાં ચોખ્ખુ ડીઝલ ભરવુ તથા ઉપરનુ ઢાંકણુ વ્યવસ્થીત બંધ કરવું.
- એન્જીન વોટરકુલ્ડ હોવાથી એન્જીનના વોટર ઈનલેટ પ્લગને પંપની વોટર આઉટલેટ નિપલ સાથે પાઈપથી જોડો તથા એન્જીનના વોટર આઉટલેટ પ્લગ પર પાઈપનો ટુકડો લગાવો તેમજ સીલીન્ડર હેડનો વોટર ડ્રેઈન કોક બંધ કરવો.
- એન્જીન/પંપસેટ શરૂ કરતા પહેલા એન્જીનના વોટર આઉટલેટ પાઈપ દ્વારા જરૂરી પાણી ભરવું.
- એન્જીન શરૂ થયા પછી વોટર આઉટલેટ પાઈપ દ્વારા પાણી સતત નીકળે છે કે નહી તે તપાસવું. જો પાણી નીકળતું ન હોય તો વોટર ઈનલેટ તથા આઉટલેટ પ્લગને ચોખ્ખા કરવા.
- ફયુલ કોકને ખૂલ્લી સ્થિતી (OPEN Position) માં રાખવો તથા ફયુલપાઈપમાં હવા હોય તો ફયુલપંપના બેન્જો બોલ્ટને ઢીલો કરી પરપોટા દૂર થાય ત્યાર પછી ફરી ટાઈટ કરવો.
- એન્જીન શરૂ કરતી વખતે ડીકંમ્પ્રેસર લીવરને ડાબા હાથ વડે ઉપર તરફ પકડી રાખી જમણા હાથે હેન્ડલ લગાવવું તથા એન્જીન શરૂ થતા જ તુરંત ડીકંમ્પ્રેસર લીવરને છોડી દેવું.
- સ્પીડ કંટ્રોલ લીવર (લાલ કલરની દટ્ટી)ને નીચે તરફ (RUN Position) રાખી ટાઈટ કરવું.
- એન્જીન શરૂ થતાની સાથે જ સ્પીડ કંટ્રોલ લીવરને ઉપર તરફ બંધ સ્થિતી (STOP Position) પર લાવવુ પછી ફરી તુરંત વચ્ચેની સ્થિતી (MIDDLE Position) પર રાખી લાલ કલરની દટ્ટી ટાઈટ કરવી.
- એન્જીન બંધ કરવા માટે સ્પીડ કંટ્રોલ લીવરને બંધ સ્થિતી (STOP Position) પર લાવવું તથા ફયુલ કોકને પણ બંધ સ્થિતી (CLOSE Position) લાવવું.
- એન્જીનને દર ૮ કલાકે બંધ કરી ઓઈલ તથા ડીઝલ ચેક કરી જરૂરીયાત મુજબ ફરી ભરી લેવું.
- જયારે લાંબા સમય માટે એન્જીનનો ઉપયોગ ન હોય તો સીલીન્ડર હેડનો વોટર ડ્રેઈન કોક ખોલી નાંખવો તથા પાણી–ઓઈલ–ડિઝલ કાઢી નાખવા તેમજ એર ઈનલેટ ખોલી તેમાં ચોખ્ખુ ઓઈલ નાંખી વ્હીલને થોડીવાર ફેરવવુ અને TDC [“0” માર્કીંગ / પોઝીશન] પર રાખવું. એર ઈનલેટ–આઉટલેટને પ્લાસ્ટીકથી ઢાંકવું તથા એન્જીનને બરાબર સાફ કરવુ અને ચોખ્ખી સુકી હવા મળે તેમ રાખવું.

આ ઉપરાંત એન્જીનની સાર સંભાળ, તકલીફ દુર કરવાના ઉપાય જેવી બાબતો માટે ઈન્સ્ટ્રકશન મેન્યુલ (અંગ્રેજી ભાષામાં) એન્જીન / પંપસેટ સાથે આપેલ છે તેમજ જરૂર જણાય ત્યારે ડીલર કે કંપનીનો ફોન કે પત્ર દ્વારા સંપર્ક કરવો.



® is Registered Trademark of P. M. Diesels Pvt. Ltd. – Rajkot